ઠાકોરજીનું શું કરવું ? પાછા પધરાવવા કે જેમ મીશ્રી ધરતા હોય તેમ કરવું ?

પ્ર. ૯૭ : કોઇ વૈષ્ણવને સેવાની શરૂઆત કરવી છે તો તેની પ્રાથમીક કક્ષામાં કેટલી આવશ્યકતા હોઇ શકે ? તેને શું શું તૈયારી કરવી જોઇએ તે જણાવશો તો ઘણા વૈષ્ણવોને માર્ગદર્શન મળશે.

પ્ર. ૯૮ : તરબૂચ વૈષ્ણવોથી શા માટે લઇ શકાતુ નથી ?

પ્ર. ૯૯ : લાલ જમરૂખ લઈ શકાય ?

પ્ર. ૧૦૦ : મેં ૧૯૯૨ ની સાલમાં બ્રહ્મસંબંધ લીધુ ત્યારે મારા ગુરુદેવ મને ઘરમાં સેવા કરવાની આજ્ઞા કરતા. હવેલી તો દુકાનો છે અને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતની વિરૂદ્ધ છે. તેવી આજ્ઞા કરતા. પણ આજે એજ મારા ગુરુદેવે સુરતમાં હવેલી ખોલી રહ્યા છે. અને તે માટે ફાળો માંગી રહ્યા છે. હવે મારે શું કરવું ?

પ્ર. ૧૦૧ : રાસલીલામાં જઇ શકાય ? તે પ્રકારની રાસલીલા સાંભળી શકાય ?

(ગો.શ્રીશરદબાવા : પ્રશ્નકર્તાનો ભાવ એવો લાગે છે કે જલાર્થમેવ નીચાગોનોપજીવીના - એ જે જલભેદમાં શ્રીમહાપ્રભુજી જેની નિંદા કરી રહ્યા છે તે એ અહીંયા લાગુ પડે કે નહીં ?)

પ્ર. ૧૦૨ : માનસી સેવા કોને કહેવાય ?

પ્ર. ૧૦૩ : શ્રીમહાપ્રભુજી સાધનપ્રકરણમાં ગુરૂના લક્ષણો બતાવીને એમાં ભજેત્ શબ્દનો ઉપયોગ કરે છે એટલે એવા યોગ્ય ગુરૂનું ભજન કરવું. તો તેનો અર્થ કઈ રીતે લેવો ? ભજન કરવું એમ કે અન્ય રીતે પણ લઇ શકાય ?

પ્ર. ૧૦૪ : મર્યાદાભક્તિ કોને કહેવાય ?

★★★

પ્રશ્નોત્તર

સુરત

(ઉત્તરદાતા : પૂ.ગો.શ્રીશ્યામમનોહરજી)

:: પ્રકાશન એવંપ્રાપ્તિસ્થાન ::

ષોડ શગ્રંથપ્રવચનમાલા સમિતી

(પ્રવિણ ડઢાણીયા)

૨૧૪, અમરદીપ કોમ્પલેક્ષ, રજપુતપરા, રાજકોટ .

મો. ૯૪૨૭૪૯૫૧૫૯

પ્ર. ૧ : બાલબોધમાં શીવજી અને વિષ્ણુને નિર્દોષપૂર્ણગુણવાળા કહ્યા છે. નિર્દોષપૂર્ણગુણતાઃ તત્ શાસ્ત્રે તયોકૃતાઃ ભોગમોક્ષ ફલે દાતું શકતૌ દ્વાવપિ યદ્યપિ - અને અંતઃકરણપ્રબોધમાં કૃષ્ણાત્ પરમ્ નાસ્તિ દૈવં વસ્તુતો દોષ વર્જિતમ્ - કૃષ્ણાશ્રયમાં 'પ્રાકૃતાઃ સકલા દેવા ગણિતાનંદકં બૃહત' આ બધાકો સમન્વય કેવી રીતે કરી શકાય તે સમજાવવા કૃપા કરશો ?

પ્ર. ૨ : બાલબોધમાં 'સ્વધર્મમ્ અનુતિષ્ઠન વૈ ભારદ્વૈગુણ્યમ્ અન્યથા' અહીં બે ગણો ભાર એવું કહેવામાં આવ્યું છે તો બે ગણો ભાર એટલે શું તે સમજાવવા કૃપા કરશો.

પ્ર. ૩ : ''કલૌ ભક્ત્યાદિમાર્ગાદી દુસાધ્યા ઇતિ મે મતિ'' એમ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. આપણે પુષ્ટિભક્તિ કરી રહ્યા છીએ તો આ આજ્ઞાનો સમન્વય કેવી રીતે કરવો.

પ્ર. ૪ : પરબ્રહ્મ, પુરુષોત્તમ અને સારસ્વતકલ્પીય શ્રીકૃષ્ણ આ ત્રણેય એક જ છે ? કૃપા કરીને સમજાવશો.

પ્ર. ૫ : સુબોધિનીજીમાં દેહધર્મ જ્યાં સુધી દેહાભિમાન નિવૃત્ત ન થાય ત્યાં સુધી સ્વધર્મ અને આત્મધર્મ પરધર્મ છે આવું શ્રીમહાપ્રભુજી સુબોધિનીજીમાં એક જગ્યાએ લખે છે. દેહાભિમાનની નિવૃત્તિ અને ભક્તિવર્ધિનીમાં દર્શાવેલ વ્યાવૃત્તિની નિવૃત્તિ બંને સમાન છે ? દેહાભિમાનની નિવૃત્તિ માનસીની જેમ આપોઆપ સિદ્ધ થાય છે ?

પ્ર. ૬ : લોકમાં કર્મનું ફળ એટલે ભૂતકાલિન કમો - ફળનું નિવર્તન ભગવદ્આશ્રયથી થઈ શકે છે ?

પ્ર. ૭ : પરમ તત્ત્વમાંથી આત્મતત્ત્વ વિસ્ફુલીંગ ન્યાય વિચરણ પામે છે તે પ્રસંગની વિગત સમજાવવા કૃપા કરશોજી.

શ્રીયમુનામહારાણીજીએ ભક્તોને સાથે રાખી પ્રભુ સાથે રાસની ઈચ્છા કરી ત્યારે શ્રીરાધિકાજીએ ત્યા પધારી પ્રભુના શ્રીઅંગ પરની માલાજી વિખેરી નાખી અને જીવો

ઘરે મંગાવવામાં આવે છે તો તે લઇ શકાય કે નહીં ? તે અસમર્પિત અન્ન કહેવાય કે સમર્પિત ?

પ્ર. ૯૧ : એક જ જન્મમાં પ્રવાહ-મર્યાદા અને પુષ્ટિના લક્ષણો જોવામાં આવતા હોય છે અને પાછી દેવલકતાપણ જોવામાં આવે છે. ફરી પાછી માર્ગનિષ્ઠા પણ જોવામાં આવે છે. તો આ બધા ગુંચવાડો સમજમાં નથી આવતો. કૃપા કરી સમજાવશો.

પ્ર. ૯૨ : શું જીવાત્માનું વરણ સનાતન છે કે તેમાં ફેરફાર આવી શકે છે ? પ્રવાહી હોય તે આગળ જતા પુષ્ટિ બની શકે ?

પ્ર. ૯૩ : આધુનિક સમયમાં કહેવાતા પુષ્ટિ સંપ્રદાયમાં માલા પહેરામણી તો થવી જ જોઇએ એમ કહે છે. તો માલાપહેરામણી કયા જીવની થાય અને કયા જીવની ન થાય તે વિસ્તારથી સમજાવવા કૃપા કરશો.

પ્ર. ૯૪ : સેવામાં આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક એમ ત્રણ પાસા છે. ક્રિયારૂપસેવા, ભૌતિકી સેવા, ભાવસહિત થાય તો આધિદૈવિકી. તેજ રીતે શ્રવણ-કીર્તનરૂપી સેવાના પણ આધિદૈવિક વગેરે પ્રકારો હોય શકે ?

પ્ર. ૯૫ : વાસનાઓની નિવૃત્તિથી ભક્તિમાં પ્રવૃત્તિ થાય છે. તેમ આઠમા સ્કન્ધમાં વર્ણવાયું. આ સંદર્ભ ભક્તિવર્ધિનીના આધારે કેવી રીતે સમજવો ભક્તિવર્ધિનીમાં ભક્તિની વૃદ્ધિના ઉપાયોનું જે વર્ણન આવે છે તેની પણ અધિકારીની સદ્અસદ્ વાસના દૂર થયા પછી જ સિદ્ધ થાય છે ?

પ્ર. ૯૬ : આપ કહો છો કે જે વૈષ્ણવો ઠાકોરજીને ફક્ત મીશ્રીભોગ ધરે છે તે તો ઠાકોરજીને નોકર કરતા પણ ખરાબ રીતે રાખે છે તો આવી રીતની આજ્ઞા આપે છે કોણ ? આવી આજ્ઞા આપનારને આ ખબર છે કે નહીં ? જો ખબર હોય તો વાંક કોનો ? શિષ્યનો કે ગુરૂનો ? અને જો ખબર ન હોય તો

ખરૂ શું ?

પ્ર. ૮૩ : પ્રભુએ જીવનું વરણ કર્યું હોય છતા જીવને અવિદ્યા કેમ લાગી જાય છે ?

પ્ર. ૮૪ : શ્રીમહાપ્રભુજીએ સેવા અને ગુણગાન બન્નેને એકસરખા કહ્યા છે. સેવા ન થાય તો ગુણગાન કરવું. ગુણગાનમય જીવન જીવે છે તે પ્રભુને સમર્પણ કરીને તો લેતા ન જ હોય. સમર્પણ વિનાનું જીવન તો વ્યર્થ ગણાય છે. તો ગુણગાન કરનારને ફળમાં કંઇ અંતરાય થઇ શકે ?

પ્ર. ૮૫ : શ્રીમહાપ્રભુજી દ્વારા પ્રવર્તિત પુષ્ટિ ભક્તિ સંપ્રદાયમાં પ્રવેશીને ભગવદ્સેવામાં સેવકનું સમર્પણ શ્રીમહાપ્રભુજીની કાનીથી શ્રીપ્રભુ અંગીકાર કરે છે. ભોગ ધરાય છે ત્યારે શ્રીમહાપ્રભુજીની કાની આપવામાં આવે છે. તો શ્રીમહાપ્રભુજીની કાની એટલે શું ? જાહેર હવેલીઓમાં પણ ભોગ ધરે છે ત્યારે શ્રીમહાપ્રભુજીની કાની અપાય છે તો ત્યાં પણ પ્રભુ અંગીકાર કરતા હશે ? બીજું કૃષ્ણાશ્રય ગ્રંથમાં બુલામિશ્રને ભગવાન્ મળી ગયા છતા ભગવાને બુલામિશ્રને કહ્યું કે શ્રીમહાપ્રભુજી પાસે જઇને સેવક થા.

પ્ર. ૮૬ : આપશ્રીએ ગઇકાલે અર્ધભુક્ત સામગ્રી વિશે સમજાવ્યું. કોઈવાર ઘરનાને પૂછીને કે તે કહે તે સામગ્રી બનાવવી પડે તો તે સામગ્રી બનાવીયે તો તે સામગ્રી પ્રભુ એ માને ?

પ્ર. ૮૭ : બ્રહ્મસંબંધ એકવખત જીવાત્માનું થઇ ગયું હોય પછી વારંવાર કાની આપવાની જરૂરી ખરી ?

પ્ર. ૮૮ : સુદર્શનકવચ શ્રીમહાપ્રભુજીની રચના છે કે નહીં ?

પ્ર. ૮૯ : કુલદેવની પૂજા અર્ચના કરવામાં અન્યાશ્રયનો દોષ લાગે અને જો લાગે તો કુટુંબ દ્વારા ઘણા સમયથી પ્રણાલી ચાલી આવતી હોય તો શું કરવું ? પારીવારિક પ્રસંગોમાં આવું પૂજન થઇ શકે ? અને દેવીને ધરેલો પ્રસાદ લઇ શકાય ?

પ્ર. ૯૦ : અમારા બાળકોના જન્મદિવસે મંદિરે ભેટ લખાવીને પ્રસાદ

પૃથ્વી આવ્યા. તે પ્રસંગની વિગત સમજાવવા કૃપા કરશો. ઉપરના બંને પ્રસંગોમાં ક્યો પ્રસંગ પહેલા થયો અને ક્યારે?

પ્ર. ૮ : બ્રહ્મે જગત્ બનાવ્યું ત્યારે સત્ અને ચિત્નો ઉપયોગ કર્યો. આનંદ જ પોતાની પાસે રાખ્યો. અક્ષરના આનંદમાં પણ આનંદ અલ્પ છે. બ્રહ્મે પોતાના આનંદ માટે જગત્ રચ્યું તો પછી આનંદ ક્યાંથી અને કેવી રીતે મેળવે છે ? તેમને જગત્માં થતા મારામારી, સુખદુ:ખ વગેરેથી આનંદ મળતો હશે ?

પ્ર. ૯ : આપણે ક્યા પ્રકારના જીવ છીએ તે કેવી રીતે સમજી શકાય? જીવ તરીકે આપણે શું કરવું જોઇએ ?

પ્ર. ૧૦ : દેહધર્મ એટલે કે સ્વધર્મ, દેહાભિમાન નિવૃત્તિ સુધી હોય એટલે જ્યાં સુધી દેહ છે ત્યાં સુધી દેહધર્મને સ્વધર્મ માનવું શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. તો પછી આત્મધર્મના નિર્વાહને કેટલું મહત્ત્વ આપવું ?

પ્ર. ૧૧ : જો કર્મોની નિવૃત્તિ ન થાય તો સેવાફલમાં જે પુષ્ટિમાર્ગીને સેવામાં ત્રણ ફલપ્રાપ્તિ બતાવી છે તે ફલની પ્રાપ્તિમાં એ કર્મો બાધક બને કે નહીં ?

પ્ર. ૧૨ : પુષ્ટિમાર્ગ નિર્ગુણભક્તિમાર્ગ છે. નિર્ગુણભક્તિનું સ્વરૂપ સમજાવશો.

પ્ર. ૧૩ : આપણા ઘરમાં ઠાકુરજી બિરાજતા હોય, તો આપણે વ્રજમાં અથવા કોઈ અન્ય તિર્થો કરવા જવું જોઈએ કે કેમ?

પ્ર. ૧૪ : પુષ્ટિમાર્ગમાં બેઠકજીમાં ઝારીજી શા માટે ભરવામાં આવે છે?

પ્ર. ૧૫ : સેવાફલમાં વર્ણવેલ અલૌકિક સામર્થ્ય રૂપી ફળ આધુનિક જીવોને કેવી રીતે પ્રાપ્ત થાય ?

પ્ર. ૧૬ : આચાર્યશ્રી મહાપ્રભુજીની બેઠકમાં, શ્રીમહાપ્રભુજીની,

શ્રીગુસાંઈજીની, શ્રીગોકુલનાથજીને અન્નકુટ ભોગ ધરી શકાય. એમને ગોકર્ણનો શ્રુંગાર ધરાવી શકાય ? સંશય દૂર કરવા વિનંતી.

પ્ર. ૧૭ : ૮૪-૨૫૨ વૈષ્ણવોની વાર્તાઓમાં કેટલાક વૈષ્ણવોએ ફક્ત શ્રીવલ્લભની સેવા કરી છે. કેટલાકોએ ફક્ત વૈષ્ણવોની સેવા કરી છે. કેટલાકે ફક્ત ગાયોની સેવા કરી છે. ઘણા વૈષ્ણવોએ શ્રીઠાકુરજીની સેવા પણ કરી છે. શ્રીઠાકુરજીની સવાના અંગરૂપે કીર્તનસેવા, સામગ્રીસેવા જેવા કોઇએક ભાગ કે અંગને વળગી રહ્યાનું જોવા મળે છે. પુષ્ટિમાર્ગના સંદર્ભમાં અર્વાચીન સમયમાં આવું કરી શકાય ? ઉપરોક્ત ૮૪-૨૫૨ વૈષ્ણવોના દ્દષ્ટાંતોને સેવા, સેવા-કથા, કથાકે શરણનાં સંદર્ભમાં કઈ રીતે મુલવી શકાય ?

પ્ર. ૧૮ : અમારે ઘરે મીશ્રીભોગના ઠાકોરજી બિરાજે છે. દિકરાનો દિકરો ૩ વર્ષનો સવારે સેવામાં આવીને દર્શન કરે છે. પણ સાથે સાથે ઠાકુરજીના ખિલોનાથી રમવાની હઠ કરે છે. તો શું કરવું ? યોગ્ય ઉત્તર આપશો.

પ્ર. ૧૯ : આજના સમયમાં અર્ધભુક્ત કેમ જાણવું. બે ભંડાર રાખવા શક્ય નથી.

પ્ર. ૨૦ : આપણી સત્તાની જ સામગ્રી આપણે પ્રભુને ભોગ ધરવી જોઈએ એવો સિદ્ધાંત છે. સત્તા એટલે શું ?

પ્ર. ૨૧ : સિદ્ધાંત રહસ્યમાં અસમર્પિત વસ્તુનો ત્યાગ કરવાનું કહ્યું અને ફરી પાછુ નિવેદીત વસ્તુનું સમર્પણ કરવાનું કહ્યું. તો અહીં અસમર્પિત વસ્તુનો ત્યાગ એટલે શું ?

પ્ર. ૨૨ : સિદ્ધાંત મુક્તાવલીમાં શાસ્ત્રનું ગુપ્ત રહસ્ય એમ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. એવં સ્વશાસ્ત્રસર્વસ્વં મયાગુપ્તં નિરૂપિતમ્ - તો અહીંયા સ્વશાસ્ત્રનું ગુપ્ત કેવી રીતે? એ સાંભળવાથી બધા જ સંશયો દૂર થાય. તો એ સંશયો કયા ?

સહયોગ આપી શકે કે નહીં ? ગૌસેવા માટે ફાળો આપી શકાય કે નહીં ?

પ્ર. ૭૮ : અમારા બાપા મરજાદી છે. મેં મરજાદ નથી લીધી. તેથી સેવામાં આવવા દેતા નથી. સેવા કરી શક્તો ન હોવાથી મેં બ્રહ્મસંબંધ લીધું નથી. અમારા બાપા બીમાર પડે ત્યારે અમારા હાથની રસોઇ જમતા નથી. હવેલીમાંથી પાતળ મંગાવે છે. હવેલીના મુખીયા-ભીતરીયા તો સાવ અન્યાશ્રયી છે. રૂદ્રાક્ષ પહેરે, ગ્રહોની વીંટીઓ પહેરે, માતાજીની સેવા કરે. આવા લોકોના હાથનું બાપા જમે, ગોસ્વામી બાલકો પણ જમે અને હવેલીના ઠાકોરજી પણ આરોગે તો અમારો શું વાંક ?

પ્ર. ૭૯ : એક વૈષ્ણવના ઘેર શયન સુધી શ્રીઠાકોરજીની સેવા બિરાજે છે. તાજેતરમાં તે બહેનના પતિનું અવસાન થયેલ છે તો શ્રીઠાકોરજીની સેવા કેટલો સમય ન થઇ શકે ? અમુક વૈષ્ણવોનું કહેવું છે કે એક વર્ષ સુધી સેવા ન થઇ શકે.

પ્ર. ૮૦ : પુષ્ટિ ભક્તિ માર્ગના પુસ્તકો સિવાય વૈષ્ણવો જેવાકે શ્રીરામાયણ, મહાભારત, શિવપુરાણ વગેરે વારંવાર વાંચી શકે કે નહીં. કે પછી એમાં અન્યાશ્રય થાય ?

પ્ર. ૮૧ : દિકરાની વહુને બ્રહ્મસંબંધ ન લેવડાવીએ અને ઘરમાં સેવા બિરાજતી હોય તો વહુ પાસે સેવા કરાવી શકાય ? જો બ્રહ્મસંબંધ લેવડાવીયે તો તે સેવામાં પરોવાય પણ શકે તો શું કરવું ?

પ્ર. ૮૨ : શ્રીયમુનાજીના ચુંદડી મનોરથનો ભાવ શું ? તાપી નદીમાં શ્રીયમુનાજીનો ચુંદડી મનોરથ થઇ શકે ? અમેરીકાના તળાવમાં ચુંદડી મનોરથ થઈ શકે ? ચુંદડી મનોરથમાં શ્રીયમુનાજીને સોના-ચાંદીના દાગીના ધરાવ્યા હોય તે મથુરાજીના ચોબાજી કહેતા હતા કે એમના હકના ગણાય. પણ મહારાજશ્રી તે શણગાર ચોબાજીને આપતા નથી. બસો, પાંચસો રૂપીયા આપીને પતાવટ કરી દે છે. આમાં

અને જ્યારે ઘરે આવે ત્યારે સેવામાં એ સંમીલીત થઇ શકે કે નહીં ? આવી પણ એક જિજ્ઞાસા છે.

પ્ર. ૭૧ : જે વૈષ્ણવથી ઘરમાં સ્વરૂપ સેવા થઇ શકતી નથી. એ ભાગવતજીના પુસ્તકજીનું પૂજન અને એમને ભોગ ધરી શકે કે કેમ ? એ સ્થિતિમાં બહારગામ જવાનું થાય કે પ્રતિબંધ આવે તે દિવસોમાં પૂજન અને ભોગ શકય ન બને તો શું કરવું ? કોઇ વૈષ્ણવે બ્રહ્મસંબંધ ન લીધુ હોય કેવલ શરણદિક્ષા લીધેલી હોય એવા વ્યક્તિએ ભાગવતજીને ભોગ ધરવા માટે બ્રહ્મસંબંધ લેવું શું જરૂરી છે ?

પ્ર. ૭૨ : ભાગવતજીને ભોગ ધરવામાં આવે તેમાં તુલસીજી સમર્પી શકાય ?

પ્ર. ૭૩ : અપરસમાં સ્નાન કરી ચરણામૃત લેવામાં આવે છે એ ચરણામૃત આપણે ઘરે બિરાજતા શ્રીઠાકોરજીના સ્નાના જલનું લેવું કે વ્રજરજ લેવી કે શ્રીનાથદ્વારામાંથી ચરણામૃતના પેંડા ખરીદીને એ ચરણામૃત લેવું.

પ્ર. ૭૪ : એક જ્યોતિષીએ ગ્રહની અડચણ બતાવી છે. તેના નિવારણ માટે નવરત્નની વીટી મંત્રીને પહેરવાની આપી છે. હું વૈષ્ણવ છું. અન્યાશ્રય જાણું છું પણ અન્યાશ્રયની ભાવનાથી ન લઇ દવાની માફક નવરત્નની વીટી પહેરી શકાય ? જ્યોતિષે જાપ જપવાના કહ્યા છે, જાતે ન જપીયે બીજા પાસે જપાવી શકાય ?

પ્ર. ૭૫ : મારા ગુરુદેવ એમના જ્યોતિષને બાજુમાં બેસાડે છે. અને એવા કોઇપણ પ્રશ્ન આવે તો તે જ્યોતિષને રીફર કરી આપે છે અને એમની પાસેથી એમનું સમાધાન પૂછાવડાવે છે.

પ્ર. ૭૬ : અમારા ગામમાં ગૌ સેવા સમાજના વૈષ્ણવોએ ગાયોના ફાળા માટે જબેદા મીર મુસ્લીમ ગાયિકાના ભજનનો કાર્યક્રમ ગોઠવ્યો. આવા કાર્યક્રમમાં પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ

પ્ર. ૨૩ : બ્રહ્મસંબંધ એ લેવાની કે આપવાની વસ્તુ કે પદાર્થ કઈ રીતે હોઈ શકે ? કેમકે સિદ્ધાંત રહસ્યમાં કહેવામાં આવ્યું છે કે ''બ્રહ્મસંબંધ કરણાત્''

પ્ર. ૨૪ : ૨૫૨ વૈષ્ણવની વાર્તામાં શ્રીગુસાંઈજીના સેવક લક્ષ્મીદાસ જોષીની વાર્તામાં શ્રીગુસાંઇજીએ અન્નકુટ માટે એક રૂપીયો વૈષ્ણવો પાસેથી લીધો તો જ્યારે વૈષ્ણવો પાસેથી દ્રવ્ય મનોરથ માટે લેવું નહીં એવો સિદ્ધાંત છે. તો આની ઉપર પ્રકાશ પાડવા વિનંતી.

પ્ર. ૨૫ : ૮૪-૨૫૨ વૈષ્ણવ જ્યારે શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજીના શરણે આવ્યા પછી ભગવત્ સેવા કરતા ત્યારે શ્રીઠાકુરજી અમુક સમયમાં સાનુભાવતા જણાવતા. એમની લૌકિક સંસારાસક્તિ બધુ છૂટી જતું તો એ જીવ કેવા ? અને ત્યાર પછી અત્યારના જીવ શરણે આવ્યા આચાર્યજીના કુલ દ્વારા. ઠાકુરજીની સેવા કરે છે. મંત્ર પણ તે જ છે, દિક્ષા પણ તે જ છે છતાં અત્યારના જીવોને સાનુભાવતા થતી નથી. તો અત્યારના જીવોમાં ફેર છે કે કેમ ? મૂલ ભગવદ્ ઇચ્છા છે કે પછી જીવનો અધિકાર ઓછો છે કે પછી કાલનો પ્રભાવ કારણભુત છે. તે કૃપા કરી જણાવશો.

પ્ર. ૨૬ : પુષ્ટિમાર્ગમાં અક્ષરબ્રહ્મનું સ્થાન શું છે ?

પ્ર. ૨૭ : ઘરમાં ઠાકોરજી બિરાજે છે. તો અમારા બાળકોને બ્રહ્મસંબંધ લેવડાવી શકાય કે કેમ ? અમારી બેટીને બીડા વાળવા, શ્રુંગાર કરવાનો આગ્રહ રાખે છે. બ્રહ્મસંબંધ લીધુ નથી. તો શું કરવું ? તો સેવા કરવા આપવી કે નહીં ?

પ્ર. ૨૮ : આધુનિક સમયમાં ગુરુજનો હજારોની સંખ્યામાં બ્રહ્મસંબંધ આપતા હોય છે. એ ઉચિત છે કે નહીં ? એમાં શ્રીમહાપ્રભુજીનો શું અભિપ્રાય છે ?

પ્ર. ૨૯ : ભગવદ્ ગીતામાં ભગવાન્ કહે છે કે મને પત્ર, પુષ્પ, ફલ જે કાંઇ અર્પણ કરે છે તે હું સ્વીકારું છું. તો આપણે ત્યાં

શ્રીમહાપ્રભુજીની કાની શા માટે આપવી પડે છે ? કાનીનો અર્થ શું તે સમજાવશો.

પ્ર. ૩૦ : ઠાકોરજીને પુષ્ટ કરવા એટલે શું ?

પ્ર. ૩૧ : ઠાકોરજી ઘરમાં બિરાજતા હોય અને જ્યાં આસપાસમાં વૈષ્ણવો ન રહેતા હોય એવા સંજોગોમાં વૈષ્ણવ હોવાને કારણે સુતક-પીંડરૂ તો પાળવું પડતુ હોય તો ૧૬ રાત્રિ સુધીનું સુતક પાળવું અત્યારની પરિસ્થિતીમાં કેટલું વ્યાજબી ગણાય ?

પ્ર. ૩૨ : એક એવી પરંપરા છે કે આપણે જાણીએ તો સુતક લાગે ને ન જાણીએ તો સુતક ન લાગે. તો તે બાબતમાં સ્પષ્ટ કરવા વિનંતી.

પ્ર. ૩૩ : આપણા ઘરે ઠાકોરજી બિરાજતા હોય અને એક બે દિવસ માટે ક્યાંક બહાર જવાનું થાય ક્યાંક ફરવાના સ્થળે અથવા બિઝનેસ ટ્રિપમાં. ઠાકોરજીને કોઈ બીજાને ત્યાં પધરાવવાની અનુકુળતા ન હોય અને જવાનું હોય ત્યાં હોટલ વગેરેમાં જ રહેવાનું હોય તો તેવી સ્થિતીમાં ઠાકોરજીની સેવાનો ક્રમ કેવી રીતે સાચવી શકાય ?

પ્ર. ૩૪ : પુષ્ટિમાર્ગીય વડીલ વર્ગ જે પુષ્ટિમાર્ગના પ્રચાર કરવામાં આગળ પડતા હોય છે. તેમના જ સંતાનો મોટેભાગે પુષ્ટિમાર્ગથી વિમુખ દેખાતા હોય છે. શું આપણી આ સીસ્ટમની કોઈ ખામી છે ? યુવાવર્ગ આપણા ધર્મથી કેમ વિમુખ છે ? શિબિર વગેરેમાં જોઇશું તો મોટી ઉંમરના લોકોની જ હાજરી જોવા મળતી હોય છે.

પ્ર. ૩૫ : આપણા સંપ્રદાયમાં પ્રભુને મીઠાઇ આરોગાવવી જ એવો આગ્રહ જોવા મળે છે. આ સંજોગોમાં જેમના ઘરે ઠાકોરજી બિરાજતા હોય તેમણે સ્વાસ્થ્યને કારણે (ડાયાબીટીસ હોય) પરિવારમાં મીઠાઇ કોઈ લઇ શકતું ન હોય. મીઠાઇ ચોખ્ખા ઘીની બનાવેલ હોય એટલે વેડફવાનું નાણાકીય

અભિગમ છે ?

પ્ર. ૬૬ : જે વૈષ્ણવ કે આચાર્યવર્ગ સિદ્ધાંત પ્રમાણે આચરણ ન કરતા હોય એમને નિંદાત્મક એપ્રોચથી સમજાવવા જોઇએ કે પ્રભુની લીલાને આપણે લીલાનો એક પાર્ટ છે એમ સમજીને કોઇ સૈદ્ધાંતિક ઓપ્શન આપીને સમજાવવા જોઇએ ?

પ્ર. ૬૭ : તુલસીજી સમર્પવાના સંદર્ભમાં.

ભોગમાં શ્રીમહાપ્રભુજીની કાની આપવામાં આવે છે. રાજભોગમાં તુલસીદલ સમર્પી કાની અપાય છે, તો શયનભોગમાં તુલસીદલનો સમાવેશ થયેલ નથી. એનું કારણ શું ? આના કારણે ઘણા લોકો રાજભોગની સેવાને જ પ્રાધાન્ય આપે છે અને શયનભોગની સેવાને ગૌણ માને છે.

પ્ર. ૬૮ : બન્ને સમયની સેવાનો પ્રકાર જે ઘરમાં નભી રહ્યો છે તે ઘરમાં શું સેવા કરતા પોતાની અનુકુળતા મુજબ અથવા પ્રતિકુળતા મુજબ અમુક દિવસ રાજભોગ અને શયનભોગ બપોરે જ પહોંચી લે અને પોતાની અનુકુળતા મુજબ રાજભોગ અને શયનભોગની રીત મુજબ પહોંચે તો શું આ પ્રકારને સ્વચ્છંદતા કહેવાય ?

પ્ર. ૬૯ : હું બ્રહ્મસંબંધી વૈષ્ણવ છું. ઘરમાં પ્રભુની સેવા કરવાની તીવ્ર ઇચ્છા છે. પણ નોકરીના હિસાબે બહારગામ વારંવાર જવાનું થાય ત્યાં બહારનું ખાનપાન પણ ન છુટકે કરવું પડે. આવી સ્થિતિમાં હું ઘરે સેવા કરી શકું ? વારંવાર ઉપવાસ કરવો શક્ય ન પણ બને.

પ્ર. ૭૦ : ઉપરના પ્રશ્નમાંજ આગળ શ્રીશરદબાવા :

જે વ્યક્તિ એકાકી નથી. પરણીત છે. ઘરે પત્ની, બાળકો, પરિવારજનો સેવા કરતા હોય પણ કમાઉ વ્યક્તિ છે તેને વારંવાર બહરગામ જવું પડે અને બહાર ખાવુ પડતું હોય

પુષ્ટિમાર્ગનું ફળ નથી. કાંઇ ત્રુટિ છે આપણામાં ?

પ્ર. ૫૭ : કંકુનું તિલક કરવાથી કપાળ પર એલર્જી થતી હોય તો પાણીનું તિલક કરીને સેવા કરી શકાય ? અથવા ગોપીચંદનનું તિલક કરી શકાય ? તિલકમાં વચ્ચે ટપકુ કરવું જરૂરી છે ?

પ્ર. ૫૮ : કેટલા વર્ષ નીચેના બાળકને સુતક ન લાગે ? અને તેની પાસે સેવા કરાવી શકાય ?

પ્ર. ૫૯ : પુરુષોત્તમસહસ્રનામના પાઠ એક જ આસન પર બેસીને કરવા જોઇએ ? કે પછી અમુક સ્કન્ધ કે શ્લોકના પાઠ પછી બીજા સમયે અધુરા પાઠ કરી શકાય તે કૃપા કરી સમજાવો.

પ્ર. ૬૦ : મારા ફોઇના ઠાકુરજી મારા માથે પધરાવ્યા છે એમણે ઠાકુરજીના ભાગની રકમ પણ આપી છે. તો હું એનો શું ઉપયોગ કરી શકુ ?

પ્ર. ૬૧ : શું દરેક વૈષ્ણવે ઠાકોરજી પુષ્ટ કરાવવા જરૂરી છે ?

પ્ર. ૬૨ : ગજેન્દ્રમોક્ષમાં ગજેન્દ્રે ગુરૂ નથી કર્યા છતા પુરુષોત્તમની પ્રાપ્તિ થઇ ગઇ. તો શું ગુરૂ કરવા જરૂરી છે ? મહાપ્રભુજીની શી આજ્ઞા છે ?

પ્ર. ૬૩ : અધિકારનો વિચાર કર્યા વગર અપાયેલ બ્રહ્મસંબંધ પણ અમુક વર્ષો પછી ફલિત થતુ ઘણા વૈષ્ણવોમાં જોવામાં આવે છે. તો આજે નહીં તો કાલે એ સેવા કરતો થઇ જશે એવા આશયથી આચાર્યવર્ગ બ્રહ્મસંબંધ આપે તો એમાં ખોટું શું છે ?

પ્ર. ૬૪ : વ્રજયાત્રા માટે પૈસા લેવા કે આપવા ન જોઇએ. પણ એમાં યાત્રામાં જઇ રહેલા વૈષ્ણવોની સેવા માટે પૈસા આપી શકાય કે નહીં ?

પ્ર. ૬૫ : વ્રજમાંથી પધરાવેલ દરેક વસ્તુ શ્રીયમુનાજીની હવા લાગવા માત્રથી શુદ્ધ થઇ જાય છે. એ બાબતમાં આપનો શું

રીતે પોસાય નહીં. પત્ની બાળકોનું વજન વધતું જાય. તો આનો શું ઉપાય ?

પ્ર. ૩૬ : કૃષ્ણાશ્રયમાં લોકાશ્રય અને વેદાશ્રય કહેવામાં આવ્યું છે. તો આ લોકાશ્રય અને વેદાશ્રયનો અર્થ શું ? અને એની વિફલતાનો મતલબ શું ? તે સમજાવવા કૃપા કરશો.

પ્ર. ૩૭ : સેવામાં અપરસ જાળવવાનો આગ્રહ રાખવામાં આવે છે. અપરસ એટલે શું ? તે શા માટે જરૂરી છે ?

પ્ર. ૩૮ : બ્રહ્મસંબંધની દીક્ષા કોણ લઈ શકે અને ક્યારે લઈ શકાય?

પ્ર. ૩૯ : આપણામાં ત્રણનું મહત્ત્વ કેમ છે ? દા.ત. શ્રીમહાપ્રભુજીને શ્રીજીબાવાએ ત્રણ વખત આજ્ઞા કરી. ગોકુલનાથજીને એક વૈષ્ણવ અડી જતા તેમને પણ ત્રણ વખત પૂછયું કે તુ કોણ છે? તો આ ત્રણ વખત વારંવાર આવે છે તેનું વિશેષ કારણ છે ?

પ્ર. ૪૦ : કોઇ વૈષ્ણવ ઠાકોરજી પાછળ સમર્પિત લેતા હોય. જલ પીવા માટે શું કરવું ? એમણે ઠાકુરજીને ઘડો કે ગાગર ધરીને ભોગ ધરાવવો કે પ્રસાદી જલ ઘડામાં પધરાવી, તે પ્રમાણે લઇ શકાય ?

પ્ર. ૪૧ : ઠાકોરજીને જ્યારે ભોગ ધરવામાં આવે છે ત્યારે જેટલું સિદ્ધ થયું હોય તે બધુ આપણે ઠાકોરજીના સન્મુખ તપેલામાં અને એમાં કઢાઇમાં ભોગ ધરવો કે આપણે જે રીતે જમીએ તે રીતે થાળી વાટકામાં થાળ સાજીને ભોગ ધરવો ?

પ્ર. ૪૨ : ''અજ્ઞાનાદ અથવા જ્ઞાનાત્ કૃતમ્ આત્મનિવેદનમ્'' આ આજ્ઞા બ્રહ્મસંબંધ બાબતમાં છે કે બીજા કોઈ સંદર્ભમાં. જો બ્રહ્મસંબંધ માટે હોય તો અજ્ઞાનાત્ બ્રહ્મસંબંધ કેવી રીતે થઇ શકે ? એવી રીતે બ્રહ્મસંબંધ લેનારને સેવા કેમ સિદ્ધ થાય ?

પ્ર. ૪૩ : કોઇ સ્નેહી વૈષ્ણવને ત્યાં સેવામાં સંમિલીત થવાનો અવસર

આવે અને બધી સેવામાં પહોંચતા હોઇએ ત્યારે એમના ઠાકુરજીને તુલસી સમર્પણ કરી શકાય કે કેમ ?

પ્ર. ૪૪ : સેવાનું મહત્ત્વ વધારે કે ભાવનું મહત્ત્વ વધારે કે મેંડનું મહત્ત્વ વધારે ?

પ્ર. ૪૫ : બેઠકજીમાં મુખીયાજી કે ભીતરીયાજી દ્વારા ધરવામાં આવતા ભોગ શ્રીમહાપ્રભુજી આરોગતા હશે ? સખડી ભોગ. કેમકે એક તો આપ સ્વયં સ્વપાકી હતા. અને બીજુ ઠાકોરજીને સમર્પિત જ આરોગતા હતા. તો બેઠકજીમાં ધરવામાં આવતો ભોગ સમર્પિત કેમ કહી શકાય ? શું મહાપ્રભુજી એ ભોગ આરોગતા હશે ?

પ્ર. ૪૬ : તો આનો અર્થ એવો થાય કે ઘરમાં શ્રીમહાપ્રભુજીની સેવા ન પધરાવી શકાય ?

પ્ર. ૪૭ : પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ મોક્ષ ન માંગતા એમ કહે છે કે વ્રજ વહાલું રે વૈકુંઠ નહીં આવું. આ ઉપરાંત એમ પણ કહેવામાં આવે છે કે પ્રભુની સેવા ન કરે તો ભવાટવીમાં ભટવાયા કરો અને દુ:ખી થયા કરો. તો આ બંને શું વિરુદ્ધ નથી ? સેવા કરીને મોક્ષ મળે એ સારું કે વારંવાર લક્ષચોરાસી ફેરા ફરવા સારા ?

પ્ર. ૪૮ : સેવા કરો કે શ્રવણ-કીર્તન-સ્મરણ. બંને મહાપ્રભુજીએ સૂચવ્યું છે. તો શ્રીમહાપ્રભુજીએ સેવા કરવા ઉપર શા માટે આટલો બધો ભાર મુકયો ? આજના સમયમાં સેવા ન કરીએ અને ફક્ત શ્રવણ-કીર્તન-સ્મરણ કરીએ તો શું એ પર્યાપ્ત ગણી શકાય ?

પ્ર. ૪૯ : શ્રીનાથજીબાવાના ચિત્રજીની સેવા કરીએ છીએ તો શ્રીનાથદ્વારા ગયા હોઇએ તો શ્રીનાથમંદિરમાં રાજભોગ ધરાવી શકાય ?

પ્ર. ૫૦ : શ્રીનાથજીનો પ્રસાદ કેમ ન લઇ શકાય ? પ્રસાદ એટલે તો પ્રભુના સાક્ષાત્ દર્શન એવો અર્થ અમારા પ્રમાણે અમે

કરીએ છીએ. તો આપ આના માટે યોગ્ય જવાબ આપવા યોગ્ય કરશો.

પ્ર. ૫૧ : રાજભોગ, આરતી પહેલા શ્રીઠાકોરજીને દર્પણ બતાવવામાં આવે છે તે પછી આરતી થાય છે તે પછી ફરીથી દર્પણ બતાવવામાં આવે છે આનું શું રહસ્ય છે ?

પ્ર. ૫૨ : દેવદ્રવ્ય કોને કહેવાય એ વિસ્તારથી સમજાવવા કૃપા કરશો મહાપ્રભુજીએ કહ્યું છે કે દેવદ્રવ્ય ખાયેગો સો મહાપતિત હોયગો મેરો નાહી કહાવેગો. નાથદ્વારામાંથી બિરાજતા શ્રીનાથજીનો પ્રસાદ દેવદ્રવ્યથી બનેલો કહેવાય ? તે મહાપ્રસાદ તરીકે લઇ શકાય ? તે સમજાવવા કૃપા કરશો.

પ્ર. ૫૩ : ઉષ્ણજલથી જ ઠાકોરજીને સ્નાન કરાવવું અને ફક્ત સ્નાનયાત્રાને દિવસે જ પ્રભુને શીતજલથી સ્નાન કરે એવું જણાવાયું છે. પરંતુ જ્યારે ખૂબ ગરમી હોય ત્યારે શું શીતજલથી સ્નાન ન કરાવી શકાય ?

પ્ર. ૫૪ : ઠાકોરજીનું શાક વગેરે સમારવા માટે ખૂબ ઠંડી હોય તો કંતાન ઉપર બેસી શકાય કે પછી ઠંડા ફ્લોર ઉપર બેસીને જ આ બધી સેવા પહોંચવી ?

પ્ર. ૫૫ : સ્વવંશે સ્થાપિતાશેષ સ્વમાહાત્મ્ય - આ વિશે વિસ્તૃત સમજ આપવા વિનંતી. સ્વમાહાત્મ્ય એટલે શું ? શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજીની સમકક્ષ કોણ છે ? શું બધા જ ગોસ્વામી બાલકોને શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજીની સમકક્ષ સમજી શકાય ?

પ્ર. ૫૬ : પ્રભુ હંમેશા નજીક જ છે. ક્ષણે ક્ષણે પોતાની પાસે છે એવી પ્રતીતી થતી હોય. જરાપણ વિયોગ ભાવના ન થતી હોય તો શું આ કોઈ જાતની ક્ષતિ છે ? ચોવીસ કલાક હૃદય આનંદથી છલકાતું રહેતું હોય, શારીરિક કે સાંસારીક કોઇ તકલીફ હોય જ નહીં, અત્ર-તત્ર-સર્વત્ર આનંદ જ લાગતો હોય અને વિયોગનો સંપૂર્ણ અભાવ હોય તો શું આ